| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૭–૦૧–૨૦૧૪ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૭–૦૧–૨૦૧૪ |
| ફેંસલ તારીખ | ૨૦–૦૬–૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u><br>૧૨ ૦૪ ૨૪ |

**<u>મે.લાલપુરના એડિશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ</u>**

**ફોજદારી કેસ નં.૧૦૫/૨૦૧૪.**
**આંક–**

**ફરિયાદી:– શ્રી સરકાર**

**–– //<u>વિરૂદ્ધ</u> //––**

**આરોપી:– (૧) નથુ પરબત વરૂ આહેર,**
ઉ.વ.૩૫,
રહે.નવાણીયા ગામ, તા.લાલપુર.

**(૨) ભીલુસીંગ ઉર્ફે મુકેશ કેશવ દાવત ઠાકોર,**
ઉ.વ.૨૩,
રહે.હાલ નવાણીયા ગામ, માલદે જેઠાની વાડીમાં,તા.લાલપુર
મુળ રહે. તડવી ફળીયા, બયડા બરદાગામ, તા.ઉદયગઢ,
જી.અલીરાજપુર(એમ.પી.)

**(૩) રામસીંગ કાલુસીંગ અજનાર ઠાકોર,**
રહે.હાલ નવાણીયા ગામ, માલદે જેઠાની વાડીમાં,તા.લાલપુર
મુળ રહે. તડવી ફળીયા, બયડા બરદાગામ, તા.ઉદયગઢ,
જી.અલીરાજપુર(એમ.પી.)

---

**ગુન્હો– ઇ.પી.કો.ની કલમ–૩૭૯, ૪૪૭ અને ૧૧૪ મુજબનો**

---

–––––––––––––––––––––––––––––––––––––––

સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.કુ.કે.કે.પટેલ

આરોપી નં.૧ના તર્ફે વિ.વકીલ શ્રી બી. ડી. ડાંગર

–––––––––––––––––––––––––––––––––––––––

**–// <u>ચુકાદો</u> //–**

(૧).. આ કામે ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે, મેઘપર પડાણા પોલીસ સ્ટેશનના

પાર્ટ–એ ગુના રજી. નં.૦૨/૨૦૧૪, તા.૦૬/૦૧/૨૦૧૪ના રોજ ઇ.પી.કોડની કલમ– **૩૭૯, ૪૪૭ અને ૧૧૪** મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમાં ફરીયાદ આપનાર **શ્રી ભુપેન્દ્રનારાયણ શ્રીઉમેશચંદ્ર પાન્ડેનાઓએ** આરોપીઓ વીરુધ્ધએ મતલબની ફરીયાદ આપેલ છે કે, '' હું ઉપર બતાવેલ ઠેકાણે છેલ્લા ૨ માસથી રહું છું અને કુગોજીઓ ટેક પ્રા.લી. કંપનીમાં સીવીલ એનજીનીયર તરીકે સવીસ કરૂ છુ. અને મારી સાથે બીજા માણસો જેમા જીતેન કે ટી.નાયર તથા લલન ઘોસ,તથા છ મશીન ઓપરેટરો છે અને અમારી કંપની ની મુખ્ય ઓફીસ સાનપાડા નવી મુંબઈ આવેલ છે અને આ અમારી કંપનીને મોટી ખાવડી રીલાઈન્સ માં જમીનનુ પરીક્ષણ કરવાનો કોન્ટ્રાક મળેલ હોય જેથી દોઢ બે માસ ધયા રીલાઈન્સમાં કામ ગાલે છે અને અમારી પાસે કંપનીના ડ્રીલીંગ કરવાના જુદા જુદા પ્રકારના ત્રણ મશીન તથા એક કેન મશીન તથા એક ટેન્કર આવેલ છે અને કામ રીલાઈન્સમાં કારગો–૩ એરિયામાં ચાલે છે અને દર રોજ અમો બધા સવારે કામ ઉપર આવ્યે છીઈએ અને સાજે સીકકા કેમ્પમાં પરત જતા રહીએ છીઈએ અને મશીન તથા ટેન્કર ત્યા રાખીએ છીઈએ.

ગઈ તા. ૨૮/૧૨/૧૩ ના સાંજના સાડા છ વાગે અમો બધા કામ પર થી સીકકા પરત જતા રહેલ હતા અને બીજા દિવસે તા.૨૯/૧૨/૧૩ ના સવારના કલાક ૮/૩૦ વાગે રીલાઈન્સમા કારગો–૩ મા કામ પર આવતા અમોએ રાખેલ ઉપરોકત વર્ણનના મશીનોમાં નિચે મુજબની ચિજ વસ્તુઓ જોવમા આવેલ નહીં જેમા

(૧) પાલપ પાના ૩૬" ઈંચના નંગ–૪ કુલ કી.રૂા. ૨૦,૦૦૦/૦૦ (૨) પાલપ પાના ૨૪" ઇંચના નગ–૪ કુલ કી.રૂા. ૧૨,૦૦૦/૦૦ (૩) ચેન પાના નંગ–૨ કી. રૂા.૨૦૦૦/૦૦ (૪) લીફટર એક નગ કી.રૂ.૮૦૦/૦૦ (૫) વોટર સીવીલ નંગ બે કી.રૂા. ૪૦૦૦/૦૦ (૬) હોસ્ટીંગ બે નગ કી રૂા.૩૦૦૦/૦૦ (૭) જાર બ્લોક નંગ–૧ કી. રૂા ૧૦૦૦/૦૦ (૮) ત્રીપલ ટપુબ કોરબીટ નગ–૨ કી.રૂા.૧૦૦૦૦/૦૦ (૯) ડીસાયકલ –૪ નંગ કી રૂ.૨૪૦૦/૦૦ (૧૦) ક્રેશીંગ સુબીટ–૨ નગ કી.રૂા.૯૦૦૦/૦૦ (૧૧) હેડ ચાર ઇંચના– ૧ નંગ કી.રૂા. ૧૦૦૦/૦૦ (૧૨) કલચ પ્લેટ નગ–૧ કી રૂા.૩૦૦૦/૦૦ (૧૩) હેડ ત્રણ ઈંચના બ નંગ કી.રૂા. ૨૪૦૦/૦૦ (૧૪) રીમીસલ–૬ નંગ કી.રૂા.૬,૦૦૦/૦૦ (૧૫) NWG કૌરબીટ નંગ–૫ કિંમત રૂા.૨૦,૦૦૦/૦૦ (16) I M.P કોરબીટ નંગ–૧ કી રૂા.૫,૦૦૦/૦૦ (૧૭) NX, સુબીટ નંગ–૩ કી. રૂા.૧૨,૦૦૦/૦૦ (૧૮) NX ટીસી બીટ નંગ–૧ કી રૂા.૮૦૦/૦૦ (૧૯) HX કોરબીટ નંગ–૧ કી.રૂ.૫,૦૦૦.૦૦ (૨૦) ટેન્કરના વાલ સોકેટ નગ–૧ કી.રૂા.૯૦૦/૦૦ (૨૧) કોર કેચાર નંગ–૨ કી.રૂા. ૨૦/૦૦ (૨૨) નીપલ નંગ–૩ કી.રૂ.૯૦/૦૦ (૨૩) બોકસ પાના નગ–૧ કી.રૂા.૪૦૦/bo (૨૪) હાઈડ્રો નો ગેર નંગ–૧ કી.રૂા. ૧૦૦૦/૦૦ (૨૫) રાહન/પશીનની બેટરી નગ–૩

કી.રૂા. ૨૧૦૦૦/૦૦ (૨૬) ડીઝલ લી. ૧૩૦ કી.રૂા ૭૮૦૦/૦૦ માળી કુલ કી.રૂ.૧,૪૭,૩૧૦/૦૦ ની ચિજ વસ્તુઓ જોવામાં ન આવતા અને આજુ બાજુમાં તપાસ કરતા કયાંય પતો લાગેલ નહી અને ચોરી થયાનુ જણાયેલ છે.

જેથી ઉપરોકત અમારી કંપનીના મશીનોના પાના પકડ બેટરી ડીઝલ વિગેર વસ્તુઓ કુલ.૧,૪૭,૩૧૦/૦૦ ની ગઈ તા. ૨૮/૧૨/૧૩ ના સાજના કલાક ૬/૩૦ થી તા.૨૯/૧૨/૧૩ ના સવારના કલાક ૮/૩૦ દરમ્યાન કોઈ અજાણીયા ઈસમો એ કંપનીના એરીયામા ગે.કા પ્રવેશ કરી ચોરી કરી લઈ ગયેલ હોય તો તેના સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે આ ચોરી અંગે હાલ મને કોઈના ઉપર વહેમ કે શંકા નથી''. આ બાબતે તેઓએ ફરીયાદ આપેલી છે''. તેવી ફરીયાદ દાખલ થયેલ છે.

**(૨)..** ઉપરોક્ત મુજબની ફરીયાદ દાખલ થતા તપાસ કરનાર અમલદારે આરોપીઓની અટક કરેલ છે અને કોર્ટ રૂબરૂ રજુ કરતા આરોપીઓને જામીન આપવામાં આવેલ છે અને તેથી આરોપીઓ જામીન મુક્ત થયેલા છે.

**(૩)..** ત્યારબાદ ત.ક.અમલદારે તપાસ કરતા આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોઈ જેથી તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ સામે **ઇ.પી.કો.ની કલમ– ૩૭૯, ૪૪૭ અને ૧૧૪** મુજબનું ચાર્ઝશીટ દાખલ કરેલ છે.

**(૪)..** આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થયેલ હોઈ અને આરોપીઓ જામીન મુક્ત થયેલા હોઈ જેથી ધોરણસરનો સમન્સ આરોપીઓને કાઢવામાં આવેલ છે. જે બજી જતા આરોપી હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

**(૫)..** આ ગુનાના કામે આરોપીઓ સામે તહોમતનામું ફરમાવવા માટે પુરતા પુરાવા હોઈ જેથી આરોપીઓ સામે આંક–૦૬ થી ઈ.પી.કો. કલમ–**૩૭૯, ૪૪૭ અને ૧૧૪** મુજબનું તહોમતનામું ફરમાવેલ છે અને આંક–૦૭ થી ૦૯ થી આરોપીઓના જવાબ લેવામાં આવેલ છે જેમાં તેઓએ આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ છે અને આ કેસ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ છે.

(૬).. આ કામે આરોપીઓ પૈકી આરોપી નં. ૨ અને ૩ સામે પકકડ વોરંટ લાંબા સમયથી બજેલ ન હોય જેથી આરોપી નં. ૨ અને ૩ની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ હેઠળ થયેલ છે.

(૭).. સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવાઃ</u>–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | મેહુલ પરબતભાઇ અશ્વારની સોગંદ પરની જુબાની. |
| ૨ | ૨૬ | ભુપતસિંહ ઉમેદસિંહ જાડેજાની સોગંદ પરની જુબાની. |
| ૩ | ૭૦ | નગાભાઇ અરસીભાઇ ચાવડાની સોગંદ પરની જુબાની. |
| ૪ | ૭૨ | દિનેશભાઇ કચરાભાઇ પ્રજાપતીની સોગંદ પરની જુબાની. |
| ૫ | ૭૬ | નારણભાઇ જીવાભાઇ કરમચની સોગંદ પરની જુબાની. |
| ૬ | ૮૮ | મહાવીરકુમાર જબ્બરભાઇ જલુની સોગંદ પરની જુબાની. |

<u>દસ્તાવેજી પુરાવાઃ</u>–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | પંચનામું |
| ૨ | ૨૭ | પંચનામું |
| ૩ | ૭૩ | પંચનામું |
| ૪ | ૮૮ | ફરીયાદ |

ફરીયાદપક્ષના પુરાવા સામે હાજર આરોપી નં. ૧ ના વિશેષ નીવેદન લીધેલ છે. જેમા તેઓએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે.

(૮).. ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કુ. કે. કે. પટેલ તથા આરોપી આરોપી નં.૧ તર્ફે વિ.વકિલશ્રી બી. ડી. ડાંગરનાઓની દલીલો સાંભળી.

(૯).. ફરિયાદ પક્ષે પડેલ પુરાવા તથા બંને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

--// **મુદ્ધા**//--

**(૧)** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ બનાવ સમયે ફરીયાદીની કંપનીની જમીનમાં કંપનીની દિવાલો કુદી ગેરકાયદેસર પ્રવેશ કરી બોર કરવાના સાધનો કુલ કિંમત રૂા.૧,૪૭,૩૧૦/-ની કિંમતના સાધનોની ચોરી કરી અને આ ગુનામાં એકબીજાની મદદગારી કરી **ઇ.પી.કોડની કલમ- ૩૭૯, ૪૪૭ અને ૧૧૪** મુજબનો ગુનો આચરેલ છે.

**(૨) આખરી શું હુકમ ?**

**(૧૦)..** ઉપરોકત મુદ્ધાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો મીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ.

-//<u>કારણો</u>//-

**<u>મુદ્ધા ન.-૧</u>**

**(૧૧)..** ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૪થી શ્રી મેહુલભાઇ પરબતભાઇ અશ્વાર, આંક-૨૬ શ્રી ભુપતસિંહ ઉમેદસિંહ જાડેજા, આંક-૭૨ થી દિનેશભાઇ કચરાભાઇ પ્રજાપતી, આંક-૭૬થી નારણભાઇ જીવાભાઇ કરમટાનાઓને તપાસેલ છે. આ તમામ સાહેદો પંચ સાહેદો છે અને તેઓએ તૈયાર પંચનામામાં પોલીસે તેઓની સહીઓ કરાવેલ હોવાનું જણાવેલ છે. અને તમામ પંચ સાહેદે પંચનામાની હકિકતને સમર્થન કરેલ નથી. અને આ તમામ પંચસાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ પંચસાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થન કારી કોઇ હકિકત જણાવેલ નથી.

**(૧૨)..** ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૭૦ થી **નગાભાઇ અરસીભાઇ ચાવડા**નાઓને તપાસેલ છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, "હું બનાવ બાબતે કાંઇ જાણતો નથી. હું આ કામના આરોપીઓને જોચે કે નામથી ઓળખતો નથી. પોલીસે મારી બનાવ બાબતે કોઇ પુછપરચ્છ કરેલ નથી કે મેં પોલીસ ને કોઈ નિવેદન લખાવેલ નથી. હું પડાણા ની સીમ માં આરોપી નથુભાઈ ની વાડીએ ગયેલ

નથી કે મેં ત્યાં કોઈ બેટરી કે ડીઝલના કેરબા કે બોરવેલ મશીન ના જુદા જુદા પાના જોયેલ નથી.''.તેવુ જણાવેલ છે.

આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ પંચસાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થન કારી કોઇ હકિકત જણાવેલ નથી.

આ સાહેદની આરોપીઓ તર્ફે વિ.વકિલશ્રી બી.ડી.ડાંગરે ઉલટતપાસ કરેલ છે તેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તેઓને કઇ ખબર નથી અને બનાવ બાબતે પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલી નથી.

(૧૩).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક-૪૭થી તપાસ કરનાર અમલદારશ્રી મહાવીરકુમાર જબ્બરભાઇ જલુનાઓને** તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, "ગઇ તા.૦૬/૦૧/૨૦૧૪ ના રોજ અમો મેઘપર પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ભુપેન્દ્ર નારાયણ ઉમેશચંદ્ર પાન્ડે નામના વ્યકિતએ અમારી રૂબરૂની ફરીયાદ લખાવતા જે ફરીયાદ લખી લીધેલી જે પી.એસ.ઓ.ને દાખલ કરવા આપતા પી.એસ.ઓ.શ્રી ફરીયાદ દાખલ કરી ફરીયાદ ગુ.ર.નં.૦૨/૨૦૧૪થી દાખલ લઈ આઇ.પી.સી. કલમ-૩૭૯,૪૪૭ મુજબની દાખલ કરી તપાસ અમારા તરફ કરતા તપાસ અમોએ સંભાળિ લીધેલ. ફરીયાદીની ફરીયાદ મુજબ તેઓ કુગોજીઓ પ્રાઇવેટ લીમીટેડ કંપનીમાં સીવીલ એન્જીનીયર તરીકે કામ કરતા હોય રીલાયન્સ કંપનીમાં કાર્ગો -૩ વિસ્તારમાં રાખેલા મશીનમાં ફરીયાદ મુજબની કુલ-૨૬ આઇટમો જેમા પાના, લીફટર, હોસ્ટીંગ,કલ્ચ પ્લેટ, ઝારબ્લોક, ડીસાયકલ, ટેન્કરના વાલ્વ, નીપલ, હાઇડ્રો ગેર, તથા ડીઝલ તથા બેટરી વિગેરે એવી કુલ ૨૬ કિંમત રૂા.૧,૪૭,૩૧૦/- ની આઇટમો ચોરી થયેલાની ફરીયાદ અજાણ્યા ઇસમો વિરૂધ્ધ જાહેર કરેલ. જે તપાસના કામે બનાવવાળિ જગ્યાનું પંચનામું તથા મુદામાલ કબજે કર્યાનું ડીસકવરી પંચનામું કરેલું આ ડીસકવરી પંચનામું સવદાસ પરબતભાઇની વાડીમાં ચોરી કરેલ મુદામાલ રાખેલ હતો ત્યાથી પંચનામાની રૂએ કબજે લીધેલો. તથા લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. ગુનાના કામે નથુભાઇ પરબતભાઇ વરૂ, ભીલુસીંગ ઉર્ફે મુકેશ કેશવ ઠાકોર તથા રામસીંગ કાલુસીંગ અજનાર ઠાકોરનાઓને અટક કરવામાં આવેલ. તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળિ આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં ફરીયાદીની સહી છે તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું જે

**અસલ ફરીયાદ રજુ દાખલ આંક–૮૯** આપવામાં આવે છે.

મને આંક–૧૫ વાળુ તથા આંક–૭૩ વાળા પંચનામા બતાવવામાં આવે છે તેમાં બે પંચોની સહી છે તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છું. આરોપીઓને જોયેથી ઓળખી શકું. આજ રોજ આરોપીઓ હાજર નથી તેમના વિ.વકિલશ્રીએ હાજરી મુકિતના રીપોર્ટમાં ઓળખ બાબતે તકરાર ન હોવાનું જાહેર કરેલ છે''. તેવુ જણાવેલ છે.

આ સાહેદની આરોપી તર્ફે વિ.વકિલશ્રી બી.ડી.ડાંગરે ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં ચોરી કરનારના કોઇ નામ જણાવેલ ન હતા. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં જણાવ્યા મુજબ જે માલની ચોરી થયેલી તે ખુલ્લા યાર્ડમાંથી ચોરી થયેલી હતી. આ સીવાય સરતપાસની હકિકતોને ખંડીત કરે તેવી કોઇ હકિકત ઉલટતપાસમાં બહાર આવતી નથી.

(૧૪).. **ફરીયાદ પક્ષે આ સીવાય બીજા કોઇ સાહેદો તપાસેલ નથી.**

(૧૫).. ફરીયાદપક્ષના પુરાવાનુ સમગ્ર રીતે મુલ્યાંકન કરીયે તો, આ કામે હાલના આરોપીઓએ બનાવ વખતે રીલાયન્સ કંપનીની દિવાલ કુદી અંદર પ્રવેશી બોરીંગના સાધનોની ચોરી કરેલાના આક્ષેપ સાથે ફરીયાદ પક્ષ અદાલત સમક્ષ આવેલ છે પરંતુ ફરીયાદ પક્ષે પડેલ પુરાવા જોતા કોઇપણ સાહેદે હાલના આરોપીઓને ચોરી કરતા કે ચોરીનો માલ લઇ જતા જોયેલ હોય તેવુ જણાવેલ નથી. પંચનામા પંચ સાહેદોઓએ ફરીયાદ પક્ષના કેસને કોઇ સમર્થન કરેલ નથી અને તેથી પંચનામા પુરવાર થયેલા નથી. તે તમામ સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ નીવડેલ છે તેવા તારણ ઉપર હું આવુ છુ અને તેથી મુદ્દા નં–૧ નો જવાબ હું નકારમાં આપું છું.

આ તબકકે એક ચર્ચા કરવી જરૂરી જણાય છે કે, આ કામે આરોપી નં.ર અને ૩ ની ગેરહાજરીમાં પુરાવામાં લેવામાં આવેલ છે પરંતુ ફરીયાદ પક્ષનો પુરાવો જોતા આરોપી નં. ર અને ૩ નાઓને પણ તકસીરવાન ઠરાવાય તેવો કોઇ પુરાવો જણાતો નથી અને સી.આર.પી.સી. કલમ–૩૫૩(૬) ની જોગવાઇ ધ્યાને લેતા જયારે આરોપીને નિર્દોષ ઠરાવવાનો હુકમ હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં પણ તેવો હુકમ થઇ શકે અને તે સંજોગોમાં સમગ્ર ચર્ચાને અંતે મુદ્દા નં–૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–//<u>આખરી હુકમ</u>//–**

(૧) આ કામના આરોપીઓ **(૧) નથુ પરબત વરૂ આહેર,** ઉ.વ.૩૫, રહે.નવાણીયા ગામ, તા.લાલપુર.**(૨) ભીલુસીંગ ઉર્ફે મુકેશ કેશવ દાવત ઠાકોર,** ઉ.વ.૨૩,

રહે.હાલ નવાણીયા ગામ, માલદે જેઠાની વાડીમાં,તા.લાલપુર, મુળ રહે. તડવી ફળીયા, બયડા બરદાગામ, તા.ઉદયગઢ, જી.અલીરાજપુર(એમ.પી.) **(૩) રામસીંગ કાલુસીંગ અજનાર ઠાકોર,** રહે.હાલ નવાણીયા ગામ, માલદે જેઠાની વાડીમાં,તા.લાલપુર, મુળ રહે. તડવી ફળીયા, બયડા બરદાગામ, તા.ઉદયગઢ, જી.અલીરાજપુર(એમ.પી.)નાઓને ફોજદારી કેસ નં.૧૦૪૯/૨૦૧૮ના કામે તેઓના વિરૂદ્ધના **ઇ.પી.કોડની કલમ– ૩૭૯, ૪૪૭ અને ૧૧૪** મુજબનાં શિક્ષાપાત્ર આક્ષેપ માંથી ક્રિ.પ્રો.કો.કલમ–૨૪૮(૧) સાથે કલમ–૩૫૩(૬) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

(૨) આ કામે મુદ્દામાલ અંગે વચગાળાનો કોઇ હુકમ ફરમાવેલ હોય તે કાયમ રાખવાનો હુકમ ફરમાવુ છું. અન્યથા કિંમતી મુદામાલ ફરીયાદીનો જણાતો હોય જેથી મુદામાલની કિંમત જેટલી રકમના બોન્ડ રજુ કરેથી અને ભવિષ્યમાં જો કોઇ બીજી વ્યકિત આ મુદામાલ અંગે હકકદાર ઠરે તો તે વ્યકિતને મુદામાલની રકમ ચુકવવાની શરતે કિંમતી મુદામાલ અપીલ સમય વિત્યે ફરીયાદીને સોંપવાનો હુકમ ફરમાવુ છું. જયારે બીન કિંમતી મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ ફરમાવુ છું.

(૩) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ એપેલેટ કોર્ટમાં તેઓની હાજરી સુનિશ્ચિત કરવાના હેતુથી રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

આ હુકમ આજ તા.૨૦મી, માહે– જુન સને–૨૦૨૬ નાં રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૬/૨૦૨૬
સ્થળઃ–લાલપુર.

(એ.એ.વાયડા)
એડિશ્નલ ચીફ જયુડિશીયલ
મેજીસ્ટ્રેટ, લાલપુર.
યુ.આઇ.સી.નં–જી.જે.૦૦૯૮૬